# India-UK Virtual Summit (May 04, 2021)

May 02, 2021

---

# ભારત- યુકે વર્ચ્યુઅલ શિખર મંત્રણા (મે 04, 2021)

મે 02, 2021

વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુનાઈટેડ કિંગ્ડમના વડાપ્રધાન માનનીય બોરિસ જોન્સન સાથે 4 મે 2021ના રોજ એક વર્ચ્યુઅલ શિખર મંત્રણા કરશે.

2. ભારત અને યુકે 2004થી વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે. તેના ભાગરૂપે નિયમિત ઉચ્ચ સ્તરીય મંત્રણા કરવામાં આવી છે અને વિવિધ ક્ષેત્રમાં સહકાર વધ્યો છે. આપણા બહુ-સ્તરીય વ્યૂહાત્મક જોડાણને આગળ વધારવા અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દા પર સહકાર વધારવામાં આ મંત્રણા બહુ ઉપયોગી બનશે. બંને પક્ષો મહામારીનો સામનો કરવા માટે કોવિડ 19 સહકાર અને વૈશ્વિક પ્રયાસોની પણ ચર્ચા કરશે.

3. શિખર મંત્રણા દરમિયાન એક સર્વાંગી રોડમેપ 2030 રજૂ કરવામાં આવશે જે પાંચ મુખ્ય ક્ષેત્રો - લોકોથી લોકો વચ્ચેના સંબંધ, વ્યાપાર અને સમૃદ્ધિ, સંરક્ષણ અને સુરક્ષા, ક્લાઈમેટ એક્શન અને આરોગ્ય અંગે આગામી દાયકામાં ભારત-યુકેના સહકારને વિસ્તારવા અને દૃઢ બનાવવાનો માર્ગ ખુલ્લો કરશે.

**નવી દિલ્હી**
**મે 02, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.